**(1) જારવા જનજાતિના સંદર્ભે નીચેનામાંથી કયું(કયાં) વિધાન(નો) સાચું(ચાં) છે ?**

(1) જારવા જનજાતિ એ લક્ષદ્વીપ કેન્દ્રશાસિત પ્રદેશમાં વસવાટ કરે છે.

(2) આ જનજાતિનો સમાવેશ એ "વિશેષ રૂપથી નબળા જનજાતીય સમૂહો' (PVTGS) અંતર્ગત કરવામાં આવતો નથી.

(3) જારવા જનજાતિના સભ્યોએ 40-50 લોકોના સમૂહોમાં વસવાટ કરે છે જેને 'ચઢઢા' તરીકે ઓળખવામાં આવે છે.

(4) ભારતમાં સૌથી વધારે અનુસૂચિત જનજાતિનું પ્રમાણ લક્ષદ્વીપમાં છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ જારવા જનજાતિ એ અંડમાન અને નિકોબાર દ્વીપ પર જોવા મળે છે અને તાજેતરમાં COVID-19થી ચેપી થવાને કારણે તે ચર્ચામાં આવી હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ નિકોબારી જનજાતિ સિવાય અન્ય 5 જનજાતિઓને વિશેષ રૂપથી નબળા જનજાતીય સમૂહો અંતર્ગત સમાવેશ કરવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્તમાનમાં જારવા રિઝર્વના પશ્ચિમ તટમાં જારવા જનજાતિ સમૂહનાં લગભગ 500 સભ્યો નિવાસ કરે છે. અને તેઓ 40-50 લોકોના સમૂહોમાં "ચઢઢા" (Chaddha)માં રહે છે જેને તેઓ પોતાનું ઘર કહે છે.

⇛ 2011ની વસતી ગણતરી અનુસાર લક્ષદ્વીપમાં સૌથી વધુ અનુસૂચિત જનજાતિનું પ્રમાણ (94.8%) જોવા મળે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) “ઓણમ” પર્વના સંદર્ભે નીચેનામાંથી કયું(યાં) વિધાન(નો) સાચું(ચાં) છે ?**

(1) ઓણમ એ કેરલના પૂર્વ રાજા મહાબલીની યાદમાં મનાવવામાં આવે છે.

(2) આ પર્વને કેરલના કૃષિ પર્વ તરીકે ઓળખવામાં આવે છે.

(3) આ પર્વને મલીયાલી હિંદુઓનું નવું વર્ષ પણ કહેવામાં આવે છે.

(4) આ પર્વ દરમિયાન કેરલનું પ્રખ્યાત નૃત્ય “ટાઈગર ડાન્સ” જોવા મળે છે.

(A) માત્ર (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ કેરલના મહાન શાસક રાજા મહાબલીની યાદના સમ્માનમાં “ઓણમ” તહેવાર મનાવવામાં આવે છે.

⇛ આ તહેવાર એ ઘણીવાર સપ્ટેમ્બર મહિનાના પ્રથમ પખવાડિયામાં મનાવવામાં આવે છે. તેને રાજ્યનો કૃષિ ઉત્સવ કહેવામાં આવે છે અને મુખ્યત્વે મલયાલી હિન્દુઓ દ્વારા તે ઉજવવામાં આવે છે.

⇛ ઓણમ એ મલીયાલમ કેલેંડરનો પ્રથમ મહિનો “ચિંગમ”થી શરૂ થાય છે. આથી તેને મલયાલી હિંદુઓનું નવુ વર્ષ પણ કહેવામાં આવે છે.

⇛ ઓણમના દિવસે પારંપરિક રમતો, સંગીત અને નૃત્યનું પણ આયોજન કરવામાં આવે છે.

⇛ પુલિક્કલી/ટાઈગર ડાંસ એ કેરલના ત્રિશુરમાં મનાવવામાં આવતા ઓણમ ઉત્સવનો એક અનિવાર્ય ભાગ છે.

⇛ પુલિક્કલી અંતર્ગત અમુક વિશેષ લોકો પોતાના શરીર પર ચમકતા પીળા અને કાળા રંગના સિંહની આકૃતિને ચિત્રિત કરી ડ્રમ અને તીવ્ર સંગીત સાથે શહેરની ચારે તરફ ફરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ''કવકાઝ''ના સંદર્ભે નીચેનામાંથી કયું(યાં) વિધાન(નો) સાચું(યાં) છે ?

(1) કવકાઝ એ એક પ્રકારની યુદ્ધ કવાયત છે.

(2) વર્ષ 2020માં કવકાઝ અંતર્ગત ભારત એ ચીન અને પાકિસ્તાન સાથે આયોજનમાં ભાગ લેશે.

(3) કવકાઝ-2020નું આયોજન રશિયામાં કરવામાં આવશે.

(4) કવકાઝનું આયોજન દર 5 વર્ષે કરવામાં આવતું હોય છે.

(A) માત્ર (4) (B) માત્ર (1) અને (3)

(C) (2), (3) અને (4) (D) માત્ર (1) અને (4)

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ કવકાઝ એ બહુરાષ્ટ્રીય યુદ્ધ કવાયત છે. તાજેતરમાં ભારત દ્વારા આ કવાયતમાં ભાગ લેવાથી ઈનકાર કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ ભારત દ્વારા આ કવાયતમાં ચીન, પાકિસ્તાન અને તુર્કી દ્વારા ભાગ લેવામાં આવતો હોવાથી અને ચીન સાથેના તણાવપૂર્ણ સંબંધોના લીધે ભાગ લેવાની મનાઈ ફરમાવી હતી.

⇒ કવકાઝનું આયોજન એ રશિયાની સેના દ્વારા કરવામાં આવે છે અને વર્ષ 2020નું આયોજન એ રશિયામાં થવાનું છે.

⇒ કવકાઝનું આયોજનએ દર 4 વર્ષે કરવામાં આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) "સ્વાસ્થ્ય ડેટા વ્યવસ્થાપન" નીતિના ડ્રાફ્ટની જોગવાઈ સંદર્ભે નીચેનામાંથી કયું(યાં) વિધાન(નો) સાચું(ચાં) છે ?**

(1) ડિજિટલ સ્વાસ્થ્ય પારિસ્થિતિકી તંત્ર અંતર્ગત એકત્રિત કરવામાં આવેલ ડેટાને કેન્દ્રીય, રાજ્ય અને સ્વાસ્થ્ય સુવિધાના સ્તર પર "ન્યૂનતમતા"ના સિદ્ધાંતના આધારે એકત્રિત કરી શકાય છે.

(2) રોગીઓ એક વખત ડેટાના સંગ્રહની મંજૂરી આપ્યા પછી તે સહમતિ પાછી ન લઈ શકે.

(3) રોગીઓના ડેટાના ઉલ્લંઘનની સ્થિતિની તપાસ હોસ્પિટલ પોતે જ કરશે.

(4) સ્વાસ્થ્ય ડેટાનું ઉલ્લંઘન એ અનુચ્છેદ 21નો ભાગ નથી.

(A) માત્ર (1) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (2) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં "નેશનલ હેલ્થ ઓથોરિટી" દ્વારા સ્વાસ્થ્ય ડેટા વ્યવસ્થાપન નીતિ સંદર્ભે એક ડ્રાફ્ટ જાહેર કર્યો હતો.

⇛ ડ્રાફ્ટની મુખ્ય બાબતો :

- ડ્રાફ્ટ નીતિ મુખ્ય રીતે એ વ્યકિતઓના સંવેદનશીલ ડેટાને સુરક્ષિત રાખવા માટેની રૂપરેખાને પ્રસ્તુત કરે છે. જે રાષ્ટ્રીય ડિજિટલ સ્વાસ્થ્ય પરિસ્થિતિકી તંત્રનો ભાગ છે.
- ડ્રાફ્ટ અનુસાર, રાષ્ટ્રીય ડિજિટલ સ્વાસ્થ્ય પારિસ્થિતિકી તંત્ર અંતર્ગત એકત્રિત કરવામાં આવેલ ડેટાને કેન્દ્રીય સ્તર, રાજ્યસ્તર અને સ્વાસ્થ્ય સુવિધા સ્તર પર ન્યૂનતમતાના સિદ્ધાંતને અપનાવીને સંગ્રહિત કરવામાં આવશે.
- ડ્રાફ્ટ અનુસાર, "સ્વાસ્થ્ય આઈડી" (Health ID)નો વિકલ્પ પસંદ કરતા દર્દીઓને પોતાના વ્યકિતગત તથા સંવેદનશીલ ડેટાને એકત્રિત કરવા અને સંગ્રહિત કરવાના સંબંધે સંપૂર્ણ નિયંત્રણ અને અધિકાર આપવામાં આવશે.
- નેશનલ હેલ્થ ઓથોરિટી રોગીઓના વ્યકિતગત ડેટાના ઉલ્લંઘનની ઘટનાઓને ઓળખવા, ટ્રેક કરવા અને સમીક્ષા કરવા તથા ઓળખ કરવા આવશ્યક પ્રક્રિયાનું નિર્માણ કરશે. (આથી, વિધાન (3) ખોટું છે.)
- દર્દીએ કોઈપણ સમયે વ્યકિતગત ડેટાના એકત્રિત કરવા સંબંધે આપતી સહમતિ પાછી લઈ શકે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) "ચુનૌતી" - નેક્સ્ટ જનરેશન સ્ટાર્ટ-અપ ચેલેન્જ હરીફાઈ સંબંધે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ હરીફાઈ ભારતના બધા શહેરોમાં શરૂ કરવામાં આવી છે.

(2) હરીફાઈ અંતર્ગત ચિન્હિત ક્ષેત્રોમાં કામ કરતા લગભગ 300 સ્ટાર્ટ–અપની ઓળખ કરવામાં આવશે.

(3) હરીફાઈ અંતર્ગત સ્ટાર્ટ–અપને રૂ. 25 લાખનું સીડ ફંડ આપવાની જોગવાઈ છે.

(4) હરીફાઈ અનુસાર પ્રત્યેક ઈન્ટર્નને એક વર્ષ માટે રૂ. 10000 પ્રતિ માસ આપવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેન્દ્રીય ઈલેકટ્રોનિકસ અને સૂચના ટેક્નોલોજી મંત્રાલય દ્વારા "ચૂનૌતી–નેકસ્ટ જનરેશન સ્ટાર્ટ–અપ ચેલેન્જ" હરીફાઈની શરૂઆત કરવામાં આવી છે.

⇛ ભારતના ટિયર-2 શહેરો પર ધ્યાન દેવા સાથે સ્ટાર્ટ–અપ અને સોફટવેરના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું એ આ હરીફાઈનો ઉદ્દેશ્ય છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ચિન્હિત ક્ષેત્રોમાં કામ કરતા 300 સ્ટાર્ટ–અપની ઓળખ કરવામાં આવશે અને તેમને રૂ. 25 લાખ સુધીનું સીડ ફંડ અને અન્ય સુવિધાઓ આપવામાં આવશે.

⇛ આ હરીફાઈ અંતર્ગત પ્રત્યેક ઈન્ટર્નને 6 મહીનાના સમય માટે રૂ. 10000 પ્રતિ માસ આપવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ હરીફાઈ અંતર્ગત પસંદ કરવામાં આવેલ સ્ટાર્ટ–અપને દેશભરમાં ફેલાયેલા સોફટવેર ટેક્નોલોજી પાર્કોના માધ્યમથી સરકાર તરફથી વિભિન્ન સહાયતા આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT